






A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ડિસેમ્બર ૧૫, ૨૦૨૧ • માગશર સુદ ૧૨, સંવત ૨૦૭૮



Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF


## VGGS 2022 પૂર્વે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં દુબઇ રોડ-શૉ માં ૧૯ જેટલા MOU થયા



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના રોડ-શૉ અને વન-ટુ-વન બેઠક માટે ગુજરાત ડેલિગેશન સાથે દુબઇની દ્વિ-દિવસીય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દુબઇના ઉદ્યોગ રોકાણકારો માટે ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે રોકાણોની ઉત્સુકતા માટેની એક મહત્વપૂર્ણ ઇવેન્ટ બની ગઇ હતી. દુબઇના ૧૯ જેટલા ઉદ્યોગ-રોકાણકારોએ ગુજરાતમાં પોતાના વ્યવસાય-કારોબાર અને ઉદ્યોગોની સ્થાપના માટે ગુજરાત સાથે વિવિધ સેકટર્સમાં રોકાણો માટે MOU કર્યા હતા. ગુજરાતમાં જે પ્રોજેક્ટસમાં રોકાણો માટે દુબઇના રોકાણકારોએ રસ દાખવ્યો છે તેમાં ઇન્ટીગ્રેટેડ સ્ટિલ પ્લાન્ટ, હજીરામાં ગ્રીન સિમેન્ટ ઉત્પાદન, ગિફ્ટ સિટીમાં વેલ્યુટિંગ સર્વિસીસ અને સ્ટોક બ્રોકીંગ સર્વિસીસ, ભાવનગર પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ધોલેરા SIRમાં રોકાણો, ચાંચ પેલેસ રિસોર્ટ ડેવલપમેન્ટ, નાઇટ્રીક એસિડ બેઇઝ્ડ ડેરિવેટીવ્ઝ, પ્રેશિયસ મેટલ્સ રિફાઇનીંગ એન્ડ ટ્રેડિંગ, કન્સલટન્સી સર્વિસીસ તથા શોપિંગ મોલ-હાયપર માર્કેટ અંગે, કેપિટલ માર્કેટ એક્ટીવિટીઝ માટે કોર્પોરેટ હાઉસ અને ત્રણ MOU મલ્ટીપલ પ્રોજેક્ટસ માટેના થયા છે. (Source : https://cmogujarat.gov.in)

## જામનગર દેશનો સૌથી વધુ નિકાસ કરતો જિલ્લો

દેશના સૌથી વધુ નિકાસ કરતાં ૩૦ જિલ્લાઓમાં ગુજરાતના ૮ જિલ્લાઓનો સમાવેશ થાય છે જેમાં ૧.૬૬ લાખ કરોડ મૂલ્ય સાથે જામનગર શિખર પર છે. બીજા સ્થાને સુરત છે જેની નિકાસ ૭૩ હજાર કરોડ છે. ભરૂચ ૩૫ હજાર કરોડ સાથે છઠ્ઠા સ્થાને છે. જ્યારે અમદાવાદ ૩૩ હજાર કરોડ સાથે આઠમા ક્રમે છે. રાજ્યના ૮ જિલ્લાનો કુલ નિકાસ ૩.૯૦ લાખ કરોડ છે. ટોપ-૩૦ જિલ્લાના કુલ નિકાસની સામે રાજ્યની હિસ્સેદારી ૪૪ ટકા છે. આ માહિતી રાજ્યસભામાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન નિકાસના આંકડાઓને આધારે આપવામાં આવી હતી. જામનગર જિલ્લામાં સૌથી વધુ નિકાસ પેટ્રોલિયમ પ્રોડક્ટસની ઉપરાંત બાંધણી અને બ્રાસ આર્ટિકલ્સની અને સુરતમાં હીરા અને જ્વેલરીની થઈ છે. (સંદર્ભ: દિવ્યભાસ્કર, ૧૧.૧૨.૨૦૨૧)

## ૧૦મા એગ્રી એશિયા એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦મા એગ્રી એશિયા એક્ઝીબિશનનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સ્પષ્ટ




મત વ્યક્ત કર્યો કે, પરંપરાગત ખેતીના અનુભવ, જ્ઞાન અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમના સમન્વયથી કૃષિ પાકોમાં વૈવિધ્ય અને ઉત્પાદનમાં વૃદ્ધિની સફળતા કૃષિકારોને મળશે. સાથે હવે પ્રાચીન પરંપરાનો સંગમ કરી પ્રાકૃતિક ખેતી-નેચરલ ફાર્મીંગ પણ અપનાવીએ. મુખ્યમંત્રીશ્રીએ ૧૦મા એગ્રી એશિયા એક્ઝીબિશનમાં સહભાગી બનેલી ૨૨૫થી વધુ કંપનીઓ અને ૪ જેટલી વિદેશી સ્ટાર્ટઅપ કંપનીઓ આ પ્રદર્શની દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા માર્ગદર્શક બનશે, તેમ પણ ઉમેર્યુ હતું. (Source : https://cmogujarat.gov.in)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

# ભિલવાડા ગુજરાતી સમાજ દ્વારા સ્નેહ મિલન યોજાયું



શ્રી ગુજરાતી સમિતિ (સમાજ) ભીલવાડાના દિપાવલી સ્નેહ મિલન સમારોહનું આયોજન રવિવાર, પાંચમી ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સોની ધર્મશાળા, હરણી મહાદેવ ખાતે કરવામાં આવ્યું હતું. સામાન્ય સભામાં વર્તમાન કારોબારીની મુદત પૂર્ણ થતાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શ્રી પ્રભુદેવ પટેલની પુનઃ વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકો, મહિલાઓ અને પુરૂષોની વિવિધ રમતગમતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ પ્રભુદેવ પટેલ, ઉપપ્રમુખ દેવેન્દ્ર પટેલ, સેક્રેટરી લતેશ પટેલ, સંરક્ષક રાજેન્દ્ર પટેલ, પરાગ પટેલ, સચિન પટેલ અને ખજાનચી શ્રી ગૌરાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. (Source: www.pressnote.in)

# ભરૂચના ક્રિષ્ના ગ્રુપનું મલેશિયામાં આંતરરાષ્ટ્રીય કલા ઉત્સવમાં પર્ફોમન્સ



ભરૂચના ક્રિષ્ના ગ્રુપના સભ્યોએ મલેશિયા ખાતે સંગીત અને કલાના આંતરરાષ્ટ્રીય ઉત્સવ સારાવાક ઇન્ટરનેશનલ ફેસ્ટિવલ મ્યુઝિક એન્ડ આર્ટસ (SIFMA)માં પ્રથમ વખત પરફોર્મ કરીને ગુજરાત અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. સમગ્ર વિશ્વમાંથી આવેલી ૨૨ એન્ટ્રીમાંથી ભારતમાંથી માત્ર ક્રિષ્ના ગ્રુપના સભ્યોને આંતરરાષ્ટ્રીય સ્તરે પરફોર્મ કરવાની તક મળી હતી. આ સંગીત અને કલાના આંતરરાષ્ટ્રીય ઉત્સવમાં પ્રાર્થના પટેલ, દિશા વણઝારા, રિયા મહેતા, સુનરુત પટેલ, યશ્વી સોની, આરુષિ મોદી, કુંજ જોશી, રિદ્ધિશ પટેલ, પ્રણવ કાલે, આદિત્ય વણઝારા, દીપ પટેલનો સમાવેશ કરાયો હતો. જ્યારે સંગીત ટીમમાં મનન ત્રિવેદી, હરનીશ પટેલ, સંદિપ મૈસૂર્યા, આકાર સુરતીએ પરફોર્મ કર્યું હતું. (Source : www.divyabhaskar.co.in)

# પોરબંદરના યુવાનની હોંગકોંગમાં યોગ ટ્રેનર સ્કાય આર્ય તરીકે પ્રસિદ્ધિ



પોરબંદરમાં જન્મેલા આકાશ કાનજીભાઈ ચામડિયા હાલ હોંગકોંગમા યોગ ટ્રેનર સ્કાય આર્ય તરીકે પ્રસિદ્ધ થયા છે. તાજેતરમાં આ યુવાન પોતાના વતન આવ્યા હતા જ્યાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આકાશે કરાટેમાં બ્લેકબેલ્ટ પ્રાપ્ત કરી યોગગુરુ રામદેવજી દ્વારા આયોજિત દ્વિતીય યોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરમાં ઉત્તમ ગુણાંક સાથે યોગ પ્રશિક્ષણ પૂર્ણ કરેલ. બાદમાં મીઠાપુર, જામનગર, અમદાવાદ, મુંબઇમાં યોગ ટ્રેનર તરીકે કામ કર્યું. બેંગલોર તેમજ હૈદરાબાદ ખાતે યોગ શિક્ષણ પ્રાપ્ત કરી હોંગકોંગમાં જાણીતી ફીટનેસ કંપનીમાં યોગ/પર્સનલ ટ્રેનર તરીકે બાર વર્ષ કામ કર્યા બાદ તેઓ હોંગકોંગમાં પોતાનો યોગ સ્ટુડિયો શરૂ કરવા જઈ રહ્યા છે. (Source: www.divyabhaskar.co.in)

# પ્રણવ મિસ્ત્રીની કારની નંબરપ્લેટ પર વતન PALANPUR



પાલનપુરના વતની અને હાલ અમેરિકાના કેલિફોર્નિયામાં સ્થાયી થયેલા યુવા ટેક્નોક્રેટ પ્રણવ મિસ્ત્રીએ વિદેશમાં માદરે વતન પાલનપુરનું નામ કંઈક અનોખી રીતે જ ગુંજતું કર્યું છે. અમેરિકામાં ચોક્કસ ફી ચૂકવીને છથી સાત અક્ષરનો એક શબ્દ થાય તે પ્રકારની વ્હીકલ રજીસ્ટ્રેશન પ્લેટ રાખવાની છૂટ હોય છે. પ્રણવ મિસ્ત્રીએ અત્યંત વૈભવી એસ્ટન માર્ટિન બ્લેક ખરીદી અને તેની રજિસ્ટ્રેશન પ્લેટ PALNPUR નામની કરાવીને વતનની સ્મૃતિને ચિરંજીવ બનાવી છે. પ્રણવ મિસ્ત્રીએ ટ્વીટ કરી હતી કે 'પાલનપુરની ત્રાડ મારા બીજા સૌથી પ્રિય શહેર સારાટોગામાં ગુંજતી કરી છે.' (Source: https://gujarattimesusa.com)

# જમશેદપુર ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ગ્રામીણ મહિલાઓને સાયકલનું વિતરણ



સામાજિક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા જમશેદપુરના બિસ્તુપુર સ્થિત ગુજરાતી સનાતન સમાજ સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં ઝારખંડના ગ્રામીણ વિસ્તારોની ૧૫ શ્રમજીવી મહિલાઓને સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે તેમને સાયકલ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય કુણાલ શારંગી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાયકલના દાતા તરીકે દિપકભાઈ ટાંક, ભાવના શાહ, કિશનભાઈ પરીખ, મિલનભાઈ આડેસરા, મિલન વખારીયા, પ્રબીરભાઈ પટેલ, પશમબેન આડેસરા, છાયાબેન પરીખ, રવિ આડેસરા, નિકિતા મહેતા વગેરેએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. (Source: https://sharpbharat.com)

# કોરબા ખાતે અન્નપૂર્ણા રસોડા-હોલનું લોકાર્પણ



છત્તીસગઢના કોરબા ખાતે જલારામ મંદિર પાસે મહેસુલ મંત્રી જયસિંહ અગ્રવાલની ભલામણથી મહાનગરપાલિકા દ્વારા ૧૧ લાખના ખર્ચે નવનિર્મિત અન્નપૂર્ણા રસોડા-હોલ, બાથરૂમ, યુરીનલ વગેરેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં મેયર રાજકિશોર પ્રસાદ હાજર રહ્યા હતા. ગુજરાતી સમાજના પ્રમુખ ધીરેન્દ્ર સંઘવી, ગુજરાતી સમાજ મહિલા મંડળના પ્રમુખ હિના સંઘવી, પાટીદાર સમાજના પ્રમુખ જયંતિ પટેલ, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય મંત્રી સુરેશ ચૌહાણ, અન્ય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. (Source: www.naidunia.com)

## બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ, ગુજરાત સરકાર અને શ્રી ગુજરાત વેલફેર સોસાયટી, ગૌહાતીનાં સંયુકત ઉપક્રમે ગૌહાતી, આસામ ખાતે 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમની ઉજવણી

### આસામ રાજ્યના માન. જળ સંશાધન મંત્રીશ્રી અને ગુજરાત રાજ્યના માન. ગ્રામ વિકાસ મંત્રીશ્રી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું




અન્ય રાજ્યોમાં વસતાં બિન નિવાસી ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક જાળવવા, તેઓની નવી પેઢીને પોતાના મૂળ સાથે જોડવાના આશયથી, જે તે શહેરમાં કે જ્યાં બિન નિવાસી ગુજરાતિઓની સંખ્યા વધારે હોય ત્યાં પોતાના વતનનો અહેસાસ કરાવવાનાં હેતુથી 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમ યોજવામાં આવે છે. આવા કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવે છે.

તા.૧૨/૧૨/૨૦૨૧ના રોજ ગૌહાતી, આસામ ખાતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં આસામ રાજ્યના માન. જળ સંશાધન મંત્રી શ્રી પિજુષ હજારિકા અને ગુજરાત રાજ્યના માન. ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ દ્વારા સમારંભના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહી ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અન્ય મહાનુભાવોમાં આસામ રાજ્યના સંસદ સભ્ય શ્રીમતી ક્વીન ઓઝા, નલબારીના માન. ધારાસભ્યશ્રી જયંત બરુઆ તેમજ નાગાલેન્ડ રાજ્યના ભાજપના ટ્રેઝરર મૂળ ગુજરાતી શ્રી મહેશભાઇ કોટેચા અને આસામ રાજ્યના મહેસુલ વિભાગના અગ્ર સચિવશ્રી અવિનાશ જોષી ઉપસ્થિત રહ્યા હતા. તા.૧૨/૧૨/૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારની કામગીરી અને સિદ્ધિ ઉપરાંત અદ્યતન વિકાસ અંગેની શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી. આસામ અને પૂર્વોત્તર રાજ્યોના બિન-નિવાસી ગુજરાતી કે જેઓએ શ્રેષ્ઠ કામગીરી કરી હોય, કે સમાજ સેવાલક્ષી કામગીરી કરી હોય તેવા ૮ (આઠ) મહાનુભાવોનું આસામ રાજ્યના માન.



જળ સંશાધન મંત્રી શ્રી પિજુષ હજારિકા અને ગુજરાત રાજ્યના માન. ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક બિન-નિવાસી ગુજરાતી યુવા ભાઇ-બહેનો તેમજ સ્થાનિક આસામીઝ ગૃપ દ્વારા રાસ-ગરબા, હેલ્લારો અને બીહુ નૃત્ય જેવાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. બપોર પછીના સેશનમાં ગુજરાત રાજ્યમાંથી આમંત્રિત પાટણ, સુરત અને મોરબી જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ વિષયો પર જૂથ ચર્ચા કરવામાં આવી હતી જેમાં પ્રશ્નોત્તરીરૂપે ઘણાં બિન-નિવાસી ગુજરાતીઓએ ગુજરાત વિશેના પોતાના મંતવ્યો રજૂ કર્યાં હતા.

ગુજરાત રાજ્યના માન. ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે પોતાના વક્તવ્યમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં થયેલ વિકાસની ભૂમિકાનો ઉલ્લેખ કરી માન. પ્રધાનમંત્રીશ્રીને યાદ કર્યા હતા. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં પોતાના ૧૨ વર્ષનાં શાસન દરમ્યાન શરૂ કરેલ વિકાસના કાર્યો અને સંકલ્પોની ધરોહરને આજે

(અનુસંધાન ચોથા પાને)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

(ત્રીજા પાનાનું અનુસંધાન)

ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આગળ ધપાવી રહ્યા છે તેમ જણાવી ગુજરાત રાજ્યની સિદ્ધિઓની માહિતી આપી હતી. દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે બિન-નિવાસી ગુજરાતીઓને વતન સાથે સાંકળવા પહેલ કરી હતી જેને આગળ ધપાવતા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ રાજ્યોમાં આવા કાર્યક્રમોનું આયોજન કરી યુવા બિન-નિવાસી ગુજરાતી અને અન્ય તમામ ગુજરાતીઓને ગુજરાત સાથે જોડી રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જેના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આમંત્રણને માન આપી આસામ રાજ્યના માન. મંત્રી શ્રી પિજુષ હઝારિકા ઉપસ્થિત રહ્યા હતા તે ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. તેઓએ આસામ અને પૂર્વોત્તર રાજ્યોમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓને ગુજરાત સાથે જોડાયેલા રાખવા પરિભ્રમણ યોજના હેઠળ યુવા બિન-નિવાસી ગુજરાતીઓને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું હતું. વધુમાં, તેઓએ આસામ જેવાં નાના રાજ્યમાં ગુજરાતીઓ દ્વારા ગુજરાતી સમાજોની સ્થાપના અને આવા સુંદર કાર્યક્રમોના આયોજનની બાબતને બિરદાવી હતી. ગુજરાત સરકારે ગૌહાતી ખાતે બની રહેલા ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રૂ.૪૦ લાખની સહાય મંજૂર કરી છે, તેનો પણ પ્રસંગોપાત ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમજ આસામના ગુજરાતીઓ દ્વારા પોતાના વતનમાં કરેલી કામગીરીની વ્યક્તિગત નોંધ લઇને તેઓની કામગીરીને બિરદાવવામાં આવી અને ગુજરાતમાં આગામી જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ માટે સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું.

આસામ રાજ્યના માન. જળ સંશાધન મંત્રી શ્રી પિજુષ હજારિકાએ પોતાના વક્તવ્યમાં દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને માન. ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વ હેઠળ જે કામગીરી કરવામાં આવી રહી છે તેની યાદ તાજી કરી ગુજરાત સરકારના કાર્યક્રમને અન્ય રાજ્યોએ પણ અનુસરવા જેવો છે તેવા ઉલ્લેખ સાથે આસામ અને પૂર્વોત્તર રાજ્યોમાં રહેતા બિન-નિવાસી ગુજરાતીઓ તેમના રાજ્યમાં સાકરની જેમ ભળી ગયા છે તેમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં સચિવ (NRI) શ્રી ધનંજય દ્વિવેદી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી ગુજરાત વેલફેર સોસાયટી, ગૌહાતીના પ્રમુખ શ્રી અસગરભાઇ જેબ્રોટ, એન.આર.આઇ. પ્રભાગના અધિક સચિવ શ્રી એન. પી. લવિંગીયા, એન.આર.જી. ફાઉન્ડેશનના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં આસામ અને પૂર્વોત્તર રાજ્યોના જુદા જુદા ૭ (સાત) શહેરોના આમંત્રિત ૨૫૦થી વધુ બિન-નિવાસી ગુજરાતીઓ, ખ્યાતનામ મહાનુભાવો અને આસામ રાજ્યના એન.આર.આઇ. અફેર્સ સાથે સંકળાયેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઐતિહાસિક વારસો

# વડનગર ખાતે કેપસ્યૂલ આકારની રચના મળી આવી



વડનગર એક પ્રાચીન એવી ઐતિહાસિક નગરી તરીકે ખૂબ જાણીતું નગર છે જેનો ઐતિહાસિક વારસો ખૂબ વૈવિધ્યસભર છે. આ શહેર પ્રાચીન સમયમાં ૭ વાર નષ્ટ પામી પુનઃ ઊભું થયું હોઇ અહીં ધરતીના પેટાળમાં અનેક શાસન અને ધર્મનો ઐતિહાસિક વારસો રહેલો છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા શરૂ કરાયેલા ઉત્ખનન પ્રક્રિયામાં પહેલા રાજ્ય સરકાર બાદ હવે ભારત સરકાર પણ જોડાઈ છે. આ કામગીરી દરમિયાન વડનગરની ઐતિહાસિક ધરોહરમાંથી સમયાંતરે કંઇકને કંઈક અવનવી ચીજવસ્તુઓ અને સ્ટ્રક્ચર મળી રહ્યા છે. તાજેતરમાં એક કેપસ્યૂલ આકારનું પૌરાણિક સ્ટ્રક્ચર મળી આવતા કુતુહલનું વાતાવરણ સર્જાયું છે.

વડનગરની ધરોહરમાંથી અત્યાર સુધી જુદી જુદી સાઇટ પર પુરાતત્વ વિભાગ દ્વારા ઉત્ખનન કરવામાં આવતા પ્રાચીન સમયના બૌદ્ધ ધર્મના અવશેષો, બૌદ્ધ મઠ, બૌદ્ધ સ્તૂપ, સોલંકીકાલીન ઇમારતોની દીવાલ, મંદિરના સ્ટ્રક્ચર, હાડપિંજર, આભૂષણો, શંખ, મોતી, માટીના વાસણો વગેરે ચીજવસ્તુઓ મળી આવી છે. તો વિશેષ પ્રકારના સ્ટ્રક્ચરમાં કારખાના જેવું સ્ટ્રક્ચર, મોટા માટલા અને હાડપિંજર જેવી રચનાઓ, મોટી અને લાંબી દીવાલો, કુંડ, દિશા ચક્ર અને હવે એક કેપસ્યૂલ આકારની રચના મળી આવી છે. મહેસાણા જિલ્લાની ઐતિહાસિક નગરી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં પુરાતત્વ વિભાગનું ખોદકામ ચાલી રહ્યું છે. તેવામાં સારેગામા સર્કલ ફાટક પાસેથી ખોદકામ દરમિયાન જમીનના પેટાળમાં ધરબાયેલું કેપસ્યૂલ આકારનું મોટું સ્ટ્રકચર મળી આવ્યું છે. આ સ્ટ્રકચર આશરે ૧૩૦૦થી ૨૦૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે.

જે સ્થળે આ સ્ટ્રકચર મળી આવ્યું છે ત્યાં ધાર્મિક કાર્ય થતું હોવાનું પુરાતત્વ વિભાગનું અનુમાન છે. ગુજરાતમાં પુરાતત્વ વિભાગના ખોદકામમાં આવું સ્ટ્રકચર પહેલીવાર મળી આવ્યાનું નોંધાયું છે. સદીઓ જૂના આ સ્ટ્રક્ચરની પાયામાંથી માહિતી મેળવવા ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આ અગાઉ વડનગરમાં કિંમતી આભૂષણો, વાસણો અને હાથીદાંતના ઘરેણાં પણ મળી આવ્યા છે. અગાઉ આ વર્ષની શરૂઆતમાં વડનગર ખાતે ખોદકામની કામગીરી શરૂ કરવામાં આવી હતી જેમાં પુરાતત્વ વિભાગને બે હજાર વર્ષ જુનો ૧૨થી ૧૪ મીટર લાંબો કિલ્લો મળી આવ્યો હતો.

(Sources : www.gstv.in, www.divyabhaskar.co.in)

# આખ્યાન અને માણભટ્ટ



આખ્યાન એ મધ્યકાલીન ગુજરાતી કાવ્યપ્રકાર છે. આખ્યાન શબ્દનો અર્થ થાય છે, કથાનું સવિસ્તર કથન. કાવ્યશાસ્ત્રકાર ભોજ એમના ‘શૃંગારપ્રકાશ’માં આખ્યાનને શ્રાવ્યકાવ્યનો એક પ્રકાર કહે છે. આખ્યાન વિશે એમણે કહ્યું છે કે કોઈ પણ એક ગ્રાંથિક એટલે કથા કહેનાર એકલો જ ગોવિન્દાખ્યાન જેવી પૌરાણિક કથાને ગાયન, વાદન, અભિનય સહિત લોકો સમક્ષ રજૂ કરે, તે કૃતિ આખ્યાન કહેવાય. આ વ્યાખ્યા ગુજરાતી આખ્યાનને સમજવા માટે ઉપયોગી છે. વ્યાખ્યામાં ‘ગોવિન્દવત્’ શબ્દ પૌરાણિક એટલે કે ખ્યાત કથા હોવી જોઈએ તેનો નિર્દેશ કરે છે. પરંતુ ગુજરાતી આખ્યાનકારોએ તો નરસિંહના જીવનના પ્રસંગો અને બોડાણા જેવા ભક્તની વાર્તા પણ આખ્યાનબદ્ધ કરેલ છે. એ પરથી એમ કહી શકાય કે આખ્યાનમાં વસ્તુ પૌરાણિક જ હોય એવો દૃઢ આગ્રહ રખાયો નથી. વ્યાખ્યામાં ગ્રાંથિક શબ્દ વ્યવસાયી ધર્મકથા કહેનારા વર્ગને માટે વપરાયો છે. એટલે એવું ફલિત થાય છે કે ભોજના સમયમાં ધર્મકથા કહેનારા ગ્રાંથિકોનો વર્ગ હશે.

સંસ્કૃતમાં આખ્યાન એટલે કહેવું અથવા વર્ણન કરવું. ૧૨મી સદીના સાહિત્યકાર હેમચંદ્રાચાર્યએ તેમના કાવ્યાનુશાસનમાં તેની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે આખ્યાન એટલે ધાર્મિક પુસ્તકની ઉપકથા જેને ગ્રાંથિક અથવા વ્યવસાયી કથાકાર દ્વારા ગાયન અને નાટક દ્વારા પ્રેક્ષકો સમક્ષ રજુ કરવું. કથાકથનનો ઉદ્દેશ લોકોને બોધ આપવાનો હોય એમ જણાવી દૃષ્ટાંત તરીકે નલોપાખ્યાનને ટાંક્યું છે. જોકે આ વ્યાખ્યામાં બિનધાર્મિક કથાઓ જેવી કે નરસિંહ મહેતાની કથાના પઠનનો સમાવેશ થતો નથી. ટૂંકમાં, આખ્યાન એટલે કથાકાર દ્વારા ધાર્મિક હેતુથી પ્રેક્ષકોને ગાયન અને નાટ્યશૈલીથી કથા સંભળાવવી. ડોલરરાય માંકડે તેને કવિતાનો એવો પ્રકાર જણાવ્યો છે જેમાં સંગીતસુરો અને નાટ્યનો અવકાશ હોય.


પુરાણોનાં ઉપાખ્યાનો અપભ્રંશ-ગુજરાતીમાં અવતરતાં આખ્યાનનું સ્વતંત્ર રૂપ ધારણ કરે છે. આ પરથી એમ કહી શકાય કે હેમચંદ્રના સમયમાં પણ ગ્રાંથિકો પુરાણકથા સાભિનય ગાઈ બજાવી રજૂ કરતા હશે અને એ રીતે ઉપાખ્યાનનું વિસ્તારેલું રૂપ આખ્યાન કહેવાતું હશે.

આખ્યાનના વાંચનાર પાઠક અથવા વ્યવસાયી કથાકારને માણભટ્ટ અથવા ગાગરિયાભટ્ટ કહે છે. તેઓ કાવ્યને સંગીતસૂરબદ્ધ કરે છે અને સાથે સાથે બેઠાબેઠા એકપાત્ર અભિનય પણ કરે છે. તેઓ આંગળીઓમાં પહેરેલી વીંટીઓ વડે ઊંધા તાંબાના માટલા પર ઠપકારથી સૂર પેદા કરતા જાય છે. આથી જ તેમનું નામ માણ અથવા ગાગર પરથી આવ્યું છે જેનો અર્થ માટલું થાય છે. સંગીતમાં ઉમેરો કરવા ઝાંઝ, પખવાજ, તબલા અને હાર્મોનિયમ પણ સાથે લેવાય છે. ઘણી સદીઓ સુધી મધ્યમવર્ગીય ગુજરાતીઓના ધાર્મિક જીવનમાં માણભટ્ટનું એક મહત્વપૂર્ણ સ્થિર સ્થાન રહ્યું હતું. આજના સમયમાં વાર્તા કહેવાની આ અત્યંત લોકપ્રિય કલા લગભગ લુપ્ત થઈ ગઈ છે.

તે સમયે જ્યારે છાપકામ અને છાપવાની પ્રક્રિયા પણ વિકસિત નહોતી, આ વાર્તાકારો પુરાણો (સાથે નવા ઉભરતા લેખકો દ્વારા લખેલી વાર્તાઓ પણ)નું માણ સાથે નજીક અને દૂરથી આવેલા મનુષ્યોની જનમેદની સમક્ષ પઠન કરતા હતા. તે દ્વારા, તેમના શ્રોતાઓને મર્યાદાની શીખ આપવા ઉપરાંત તેઓ તેમની ધાર્મિક ભાવનાઓને પણ મજબૂત બનાવતા હતા. આ વાર્તાકારો અથવા જાહેર ઉપદેશકોની વિશિષ્ટ ગુણવત્તા અથવા ચાતુર્ય એ હતી કે તેઓ લયનું અદ્‌ભૂત જ્ઞાન ધરાવતા અભિનેતા અને કલાકારો હોવા ઉપરાંત શાનદાર ગાયકો અને સંગીતકાર હતા. સંગીત પર તેમની અસાધારણ નિપુણતા અને પ્રદર્શન કરવાની કળાને લીધે, આ કુશળ કથાકારો તેમના પ્રેક્ષકોને હૃદયપૂર્વક હસાવવા અથવા તેમની આંખોમાં આંસુઓ પણ લાવી શકતા.

આખ્યાનોનું પઠન માત્ર બ્રાહ્મણ જ્ઞાતિના માણભટ્ટ દ્વારા જ થતું હતું જેથી અન્ય જ્ઞાતિના લેખકો દ્વારા લખાતા આખ્યાનો તેમને પઠન માટે આપવામાં આવતા હતા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નાકર આવા જ એક બ્રાહ્મણ સિવાયના વણિક લેખક હતા.

આ રચનાઓ મોટે ભાગે પૌરાણિક કથાઓ અને રામાયણ, મહાભારત અને ભાગવત જેવા મહાકાવ્યોના ધાર્મિક પ્રસંગો પર આધારિત હોય છે. ક્યારેક બિનપૌરાણિક પ્રસંગો જેવા કે નરસિંહ મહેતા જેવા ધાર્મિક વ્યક્તિત્વના જીવન પ્રસંગો આધારિત રચનાઓનું પણ પઠન થતું.



આખ્યાનના પ્રકરણો હોય છે જેને કડવું કહે છે. જેનો ઉચ્ચાર 'કડવું' (કળવું) એમ થાય. કડવું શબ્દ સંસ્કૃત શબ્દ કડવક પરથી આવ્યો છે જેનો અર્થ 'જુદા જુદા સંગીતસૂર અને પદરચના ધરાવતી પંક્તિઓના સમૂહમાંથી તારવેલું' એવો થાય છે. જેની વ્યુત્પત્તિ મૂળ સંસ્કૃત શબ્દ 'કટ' એટલે કે 'બાજુ' પરથી; 'એક આખ્યાનનો અકેકો ભાગ; પ્રકરણ; અધ્યાય' એમ અર્થ થાય છે. બીજી વ્યુત્પત્તિ સંસ્કૃત શબ્દ 'કલાપ' મળે છે. જે પરથી તેનો અર્થ; 'એક જ રાગના કાવ્યની કેટલીક કડીઓના સમુદાય; કવિતાનું એક નાનું પ્રકરણ; એક પ્રકારનો કાવ્યપ્રબંધ' એમ થાય છે. કડવાંની બધી લીટી એક જ રાગમાં ગવાય. આ રચના પદ્ય રચના છે. દરેક કડવું (પ્રકરણ) ચોક્કસ પ્રકારના રાગમાં ગાવાનું હોય છે. આખ્યાનકારો આ પ્રકારે આ આખ્યાનનું ગાન કરે છે. રાગની વિગત પણ દરેક કડવાં સાથે આપેલી હોય છે.

દરેક કડવું ત્રણ ભાગમાં વિભાજીત હોય છેઃ મુખબંધ એટલે કે પરિચય, પ્રસ્તાવના કે આમુખ. ઢાળ એટલે કે વર્ણન. વલણ એટલે કે સારાંશ. મુખબંધ એ શરૂઆતની બે પંક્તિઓ છે જે પઠનના વિષય અથવા પ્રસંગની પ્રસ્તાવના બાંધે છે. ઢાળમાં પ્રસંગને લંબાણપૂર્વક વર્ણવવામાં આવે છે. વલણ એ છેલ્લી બે પંક્તિ છે જેમાં પ્રથમ પંક્તિમાં જે વર્ણન થઇ ગયું તેનો સારાંશ હોય છે અને બીજી પંક્તિમાં હવે જેનું વર્ણન થવાનું છે એનો સારાંશ હોય છે. તમામ આખ્યાન આ ત્રણ ભાગમાં વર્ણવવામાં આવે છે. કેટલીક વખત જ્યારે ભાવુક પ્રસંગ હોય ત્યારે આખ્યાનના વર્ણન અને પઠન વચ્ચે પદ કાવ્યરચનાઓનો પણ ઉપયોગ થાય છે. આ ત્રણે અંગોનું જે એકમ તે કડવું. જોકે કડવાંનું આ વિકસિત રૂપ પ્રારંભિક આખ્યાનોમાં મળતું નથી. પ્રથમ આખ્યાનકાર ભાલણના કડવાંમાં વલણ નથી. ફક્ત મુખબંધ અને ઢાળ જ છે. કડવાંનું પૂર્ણવિકસિત રૂપ પ્રેમાનંદમાં (સત્તરમી સદીનો ઉત્તરાર્ધ અને અઢારમી સદીનો પૂર્વાર્ધ) મળે છે.

આખ્યાન કથાકાવ્ય હોવાથી એમાં વિવિધ રસોનું નિરૂપણ થતું અને કુશળ કથાકાર વેગીલું રસપરિવર્તન કરી શ્રોતાઓની રસતૃષા છિપાવતો. આ કળામાં પ્રેમાનંદ નિષ્ણાત હતા. ક્યારેક તો તેઓ વિરોધી રસોને સાંકળી અદ્ભૂત રજૂઆત કરતા. જેમ કે 'દશમસ્કંધ'માં દડો લેવા કૃષ્ણ યમુનામાં કૂદી પડે છે એ પ્રસંગ. ગોપબાલો, ગોપીઓ તથા યશોદામાં કરુણરસ પ્રગટ કરે છે. નાગિનીઓ માટે એ અદભુત પ્રસંગ છે. કાલિયનાગ માટે અને કૃષ્ણ માટે વીરરસનો પ્રસંગ છે. એમ એક પ્રસંગમાં પ્રેમાનંદ વિવિધ રસોની જમાવટ કરતા. પ્રેમાનંદને આખ્યાનશિરોમણિ કહ્યા છે તેનું એક કારણ તેમની રસસંક્રમણની કળા છે.




આખ્યાન ધાર્મિક કાવ્યપ્રકાર સાથે સંકળાયેલ છે તેથી આખ્યાનની શરૂઆત વિઘ્નહર્તા ગણેશની સ્તુતિથી થાય છે. ત્યારબાદ જ્ઞાનની દેવી સરસ્વતીની સ્તુતિ કરવામાં આવે છે. ત્યારબાદ માણભટ્ટ જેનું પઠન કરવાનું હોય તે પૌરાણિક, મહાકાવ્ય આધારિત કે ધાર્મિક વ્યક્તિત્વના જીવન આધારિત પ્રસંગની પ્રસ્તાવના બાંધે છે. સંપૂર્ણ પ્રસંગનું વર્ણન થઇ જાય પછી અંતે રચયિતા કે પાઠક અંગેની માહિતીનું પઠન થાય. તેમાં લેખકનું નામ, રચનાનો સમય, કેટલીક આત્મચરિત્રાત્મક માહિતી જેવી કે તેમનું નિવાસસ્થળ, પિતા અથવા ગુરુનું નામ, પરિવારની માહિતી વગેરે જણાવવામાં આવે છે. સૌથી અંતે એક કે તેથી વધુ ફલશ્રુતિ, એટલે કે આખ્યાન સાંભળવાથી થતા લાભ, જણાવવામાં આવે છે. ફલશ્રુતિનો આશય પ્રેક્ષકોને આકર્ષવાનો છે. તેમાં ઘણીવાર પ્રેક્ષકોને તમામ પાપોના નાશ, મોક્ષ, શારીરિક તકલીફોનો અંત, સંતાનજન્મ અને ધનપ્રાપ્તિના વચન આપવામાં આવે છે. કેટલીકવાર કથનને વિશ્વસનીય જતાવવા કથનના મૂળ સ્ત્રોતની, કેટલીકવાર સર્ગ કે કાંડ સહિત, માહિતી આપવામાં આવે છે. કથન પૌરાણિક કથાઓ કે મહાકાવ્યોમાંથી લેવામાં આવ્યું હોવા છતાં તેમાં પ્રેક્ષકોને રસ ઊભો કરવા કે મનોરંજન માટે જુદી રીતે પણ રજુ કરવામાં આવતી. કેટલીકવાર વર્તમાનને અનુરૂપ બનાવવા કથનમાં ફેરફાર કરી વર્તમાનમાં ચાલતી પ્રથાઓ અને સંસ્કૃતિ ઉમેરવામાં આવતી. તમામ આખ્યાનોનો અંત સંસ્કૃત નાટ્યશાસ્ત્રની માફક સુખદ જ હોય.

આખ્યાનની લંબાઈમાં ઘણું વૈવિધ્ય છે જેમકે સુદામાચરિત ત્રણથી ચાર કલાકમાં પૂર્ણ થઇ જાય તો નળાખ્યાન કેટલાય દિવસો સુધી ચાલે.

બારમી સદીમાં હેમચંદ્રાચાર્ય દ્વારા કાવ્યાનુશાસનમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે. ૧૫મી સદીના કવિ ભાલણે ઘણા આખ્યાનની રચના કરી હતી જેમાં ખુબ જ જાણીતા નળ-દમયંતીની કથા આધારિત નળાખ્યાનનો સમાવેશ થાય છે. ૧૬મી સદીના કવિ નાકર બ્રાહ્મણ ન હોય તેવા જુજ આખ્યાન કવિ હતા. સત્તરમી સદીમાં ભોજા ભગત અને શામળ ભટ્ટે આખ્યાનો લખ્યા હતા. સત્તરમી સદીના કવિ વીરજીએ બલિરાજાનું આખ્યાન લખ્યું હતું. સોળમી અને સત્તરમી સદી આખ્યાનનો સુવર્ણ યુગ હતો. તે સમયના તેના સૌથી જાણીતા માણભટ્ટ પ્રેમાનંદ ભટ્ટ હતા. તેમણે કૃષ્ણ પુત્ર અનિરુદ્ધ અને ઉષાની કથા આધારિત ઓખાહરણની રચના કરી હતી. ત્યારબાદ આખ્યાન પરંપરાનો લોપ થવા લાગ્યો અને ઓગણીસમી સદીના અંત સુધીમાં તો તે લગભગ વિલુપ્ત થઇ ગઈ. અંતે આધુનિક સમયના કેટલાક કવિઓ જેવા કે બાલમુકુન્દ દવેએ કાવ્યપ્રકાર સ્વરૂપે આખ્યાનો લખ્યા પરંતુ તેનું જાહેર કથન-મંચન ક્યારેય પુનર્જીવિત ન થયું.

(Sources : https://gujarativishwakosh.org, www.bhagavadgomandal.com)



### ગુજરાતની પ્રાચીન શિક્ષણસંસ્થા

# વલભી વિદ્યાપીઠ

પ્રાચીન ભારતની સંસ્કૃતિ અને શિક્ષણની વાત કરીએ તો ઋષિપ્રણાલિકાથી શિક્ષણ આપીને સંસ્કાર સિંચીને માનવ ઘડતર કરાતું હતું. ખૂબ જ ઓછી જરૂરિયાતોથી ચલાવી લેવાતું, રાજા અને રંકનાં બાળકો સાથે બેસીને જ ભણે એ પ્રકારે ઊંચનીચના ભેદ વગર શિક્ષણકાર્ય થતું. નિવાસી વિદ્યાલયોનો ખ્યાલ પ્રાચીન છે. બાલ્યાવસ્થામાં ગુરુના ઘરે રહીને વિદ્યાભ્યાસ કરવામાં આવતો. ભારત દેશ વિદ્યાની ભૂમિ તરીકે જગવિખ્યાત હતો. પ્રાચીનકાળમાં ભારતીય શિક્ષણ પ્રણાલિકાઓની બોલબાલા હતી. ઋષિમુનિઓ જુદા જુદા વિષયના જ્ઞાતા હતા. વેદો આધારિત શિક્ષણ વ્યવસ્થા ગોઠવાયેલી હતી. પ્રાચીનકાળમાં તો જ્ઞાનને કંઠસ્થ કરવામાં આવતું, અર્થાત શિક્ષણ પ્રણાલી મુખસ્થ હતી. કાળક્રમે તાડપત્ર, ભોજપત્ર, પથ્થર, કાગળ વગેરે પર લેખનની શરૂઆત થઈ. વેદકાળ પછી ઇ.સ. પૂર્વે ૨૦૦૦થી ૧૦૦૦ સુધીના ઉત્તર વૈદિક કાળમાં શિક્ષણ વિષેની સમજ વધતી ચાલી. જુદી જુદી જગ્યાએ દેશ, કાળ, સમયને અનુરૂપ વિદ્યાપીઠો, જ્ઞાનપીઠોની સ્થાપના કરવામાં આવી. આવી વિદ્યાપીઠો કેળવણીના કેન્દ્રો તરીકે જગવિખ્યાત બની જ્યાં દૂરદૂરથી જ્ઞાનપિપાસુઓ આવવા લાગ્યા અને ભારતની કીર્તિ ચોમેર પ્રસરવા લાગી.

પ્રાચીનકાળમાં ભારતમાં રાજવીઓ દ્વારા લોકકલ્યાણ અર્થે વિદ્યાપીઠોની સ્થાપના કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ લોકોમાં સંસ્કાર અને શિક્ષણના સિંચન દ્વારા સમાજની સુખાકારી માટે સારા નાગરિકો અને વિદ્વાનો તૈયાર કરવાનો હતો. રાજાઓ તરફથી સંપૂર્ણ ખર્ચ અને દાન આપીને વિદ્યાપીઠોને રાજ્યાશ્રય આપવામાં આવતો.

> **ઇસ્વીસનના સાતમા શતકમાં ગુજરાતનું આ વિદ્યાધામ અતિ પ્રસિદ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. વલભીને વિશાળ અને અત્યંત પ્રસિદ્ધ વિદ્યાધામ બનાવવામાં મૈત્રક વંશના તત્કાલીન શાસકો અને નાગરિકોનો મોટો ફાળો હતો. ચીની પ્રવાસી ઇત્સિંગે નોધ્યું છે કે વલભી પૂર્વભારતની પ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા નાલંદા સાથે સ્પર્ધા કરતી.**

આપણામાંથી ઘણાંને નાલંદા, તક્ષશિલા જેવી પ્રાચીન વિદ્યાપીઠોના નામ ખબર છે પરંતુ પુરાતનકાળમાં ગુજરાતમાં પણ એક પ્રખ્યાત વિદ્યાપીઠ વલભી (ભાવનગર) ખાતે આવેલી હતી, જેની ખ્યાતિ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ ગુજરાતની બહાર વિશ્વ સ્તરે પહોંચી હતી, તે વાતથી ઘણા લોકો અજાણ છે. વલભી વિદ્યાપીઠ એ પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્ર પ્રાંતમાં મૈત્રક શાસનની રાજધાની વલભીમાં આવેલી હતી. બૌદ્ધ સાહિત્ય અને એમાં પણ ખાસ બૌદ્ધ ધર્મના મહાયાન પંથની રૂઢિચુસ્ત શાળા - હિનયાન તરીકે તે વધારે પ્રચલિત હતી. થોડા સમય માટે તો એ શૈક્ષણિક સ્તરે વિશ્વવિખ્યાત નાલંદા વિદ્યાપીઠની પ્રતિસ્પર્ધી પણ રહી હતી. નાલંદા, તક્ષશીલા, વલભી, વિક્રમશીલા એ દેશની ચાર વિશ્વ વિદ્યાપીઠ શિક્ષણક્ષેત્રે ધરોહર સમાન હતી.

સૌરાષ્ટ્રના પૂર્વભાગમાં ભાવનગરની વાયવ્યે ૨૯ કિમી.ના અંતરે વલભી ગામમાં આ પ્રાચીન વિદ્યાપીઠ આવેલી હતી. ઈ. સ. ૪૭૦માં વલભી મૈત્રકોની રાજધાની બની તે પહેલાં પણ આ વિદ્યાપીઠ અસ્તિત્વમાં હતી અને શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલુ હતી. વર્તમાનકાળ જેવી સુસંગઠિત શિક્ષણ-સંસ્થાઓ તે સમયે ન હતી. 'કથાસરિત્સાગર'માંની કથામાં ગંગા દોઆબના દ્વિજ વસુદત્તનો પુત્ર વિષ્ણુદત્ત વિદ્યાપ્રાપ્તિ અર્થે વલભી આવ્યાનો ઉલ્લેખ છે. તે પરથી




પ્રાક્-મૈત્રકકાળમાં પણ વલભી પ્રસિદ્ધ વિદ્યાધામ હોવાની ખાતરી થાય છે. બૌદ્ધ આચાર્ય સ્થિરમતિ તથા ગુણમતિ અને જૈન સૂરિ મલ્લવાદીની વિદ્યાકીય પ્રવૃત્તિઓ પરથી વલભીની વિદ્યાધામ તરીકેની મહત્તા ચોથી-પાંચમી સદીમાં પણ ચાલુ રહી હતી તેમ જણાય છે. ગુપ્તકાળ દરમિયાન વલભીમાં વેદ-વેદાંતના શિક્ષણની સંભાવના પણ સૂચિત થાય છે, કારણ કે ઋગ્વેદભાષ્ય અને નિરુક્ત ટીકાના કર્તા, ભર્તૃધ્રુવના પુત્ર સ્કંદસ્વામી વિક્રમાદિત્યના ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ અને વલભીના વતની હતા.

આ વિદ્યાપીઠ બૌદ્ધ ધર્મના હિનયાન પંથને અનુસરતી હોવા છતાં, તેમાં બ્રાહ્મણવાદી જ્ઞાન પણ શીખવવામાં આવતું હતું. ઉત્તર ભારતના ગંગા નદીના પ્રદેશમાંથી બ્રાહ્મણ વિદ્યાર્થીઓ ધાર્મિક વિધિઓ અને કર્મકાંડ શીખવા વલભી આવતાં હોવાનાં સંદર્ભો છે. મૈત્રકકાળનાં દાનશાસનો પરથી જાણવા મળે છે કે વલભીમાં ત્રયી વિદ્યાઓ (ત્રૈવિદ્ય) તથા ચતુષ્ટયી વિદ્યાઓના (ચાતુર્વિદ્ય) જાણકાર બ્રાહ્મણો હતા. વલભીમાં મગધના નાલંદા જેવી ઉચ્ચ શિક્ષણ માટેની મોટી વિદ્યાપીઠ હતી. તેમાં ધાર્મિક શિક્ષણની સાથે શબ્દવિદ્યા, ન્યાયવિદ્યા, અભિધર્મવિદ્યા, શિલ્પવિદ્યા તથા ચિકિત્સાવિદ્યાનું જ્ઞાન આપવામાં આવતું હતું. તેમાં બે અથવા ત્રણ વર્ષનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ બૌદ્ધ ન્યાય તથા દર્શનનું ઉચ્ચ શિક્ષણ મેળવતા હતા. ઉપરાંત નીતિ (રાજનૈતિક વિજ્ઞાન), વેપાર અને કૃષિ, જાહેર વહીવટ, ધર્મશાસ્ત્ર, કાયદો, તત્વમીમાંસા, હેતુવિદ્યા (તર્કશાસ્ત્ર), અર્થશાસ્ત્ર અને હિસાબ વગેરે વિષયો પણ ભણાવવામાં આવતાં. વલભી વિદ્યાપીઠમાં પ્રવેશ માટે પરીક્ષા લેવામાં આવતી, જેમાં દસમાંથી ત્રણેક વિદ્યાર્થી સફળ થતા. જેમણે પ્રાચીન તથા નવીન ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યું હોય, તેઓને ત્યાંની વાદસભામાં દાખલ કરવામાં આવતા હતા. ત્યાં જુદા જુદા મતોની ચર્ચા કરીને, જે પોતાના અભિપ્રાયની સર્વોચ્ચતા પુરવાર કરતા, તેઓ સર્વત્ર માન મેળવતા. તેઓને રાજાઓ ભૂમિદાન આપતા. વાદસભામાં ઉચ્ચશ્રેણી મેળવનારનાં નામ વિદ્યાપીઠના પ્રવેશદ્વાર પર લખવામાં આવતાં. તેઓમાંના કેટલાક તો રાજદરબારોમાં જઈ, પોતાનું જ્ઞાન તથા તેજસ્વિતા દર્શાવી ઉચ્ચ હોદ્દા પર નિમણૂક મેળવતા.

ચીની પ્રવાસી ઇત્સિંગના જણાવવા મુજબ વલભી વિદ્યાપીઠ તે સમયની વિશ્વપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠની સમાન કક્ષાની હતી. ત્યાં પરમજ્ઞાની અચલ, આચાર્ય સ્થિરમતિ, ગુણમતિ, આચાર્ય બુદ્ધદાસ તથા વિમલગુપ્ત જેવા પ્રકાંડ પંડિતો વસતા હતા. આ ઉપરાંત એવા બીજા અનેક વિદ્વાનો ત્યાં થઈ ગયા હશે. ૭મી સદીમાં એક ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગે વલ્લભીની મુલાકાત લીધી હતી અને તે સદીના અંતમાં યીજિંગ નામના અન્ય ચીની યાત્રાળુએ પણ. યીજિંગે વિશ્વવિદ્યાલયને બૌદ્ધ મઠના કેન્દ્ર નાલંદાની સમાન ગણાવી હતી.

મૈત્રકકાળ દરમિયાન વલભીમાં બૌદ્ધ ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓના વિશાળ વિહારો બંધાયા હતા; તેથી ત્યાં બૌદ્ધ ધર્મના શિક્ષણની પ્રવૃત્તિ મોટા પાયા પર ચાલતી હતી તેમ કહી શકાય. મૈત્રક રાજા ભટાર્કે વલભીમાં વિહાર બંધાવ્યો. ધ્રુવસેનના સમયમાં તેના ભાણેજ દુદ્દાએ વલભીમાં મહાવિહાર બંધાવ્યો. તે પછીના રાજાઓએ વિહારોને ભૂમિદાન આપ્યાં, એટલે વિહારોની સાથે વિદ્યાપીઠનો પણ ઉત્તરોત્તર વિકાસ થયો. દુદ્દાના મહાવિહારમાં ધર્મગ્રંથોના સંગ્રહ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું હતું.

ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સાંગે ૭મી સદીના મધ્યમાં વલભી વિશ્વવિદ્યાલયની મુલાકાત લીધી ત્યારે તે જગ્યાએ ૬૦૦૦થી વધુ ભિક્ષુઓ અભ્યાસ કરતા હતા. તેમના રહેઠાણ માટે ૧૦૦ જેટલા વિહારો હતા. વિદ્યાપીઠમાં દરેક વિહાર કે ચૈત્ય એક કોલેજની જેમ વિદ્યાપીઠને આધીન રહી વિશેષ વિદ્યાનું સંકુલ બની રહેતું. અહીં પંડિતો વિદ્યાર્થીઓને તેમના પુત્રની જેમ રાખતા હતા અને પૂર્વ પાઠ કંઠિત ના થાય ત્યાં સુધી નવું જ્ઞાન આપવામાં આવતું નહોતું. એકસાથે આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ એક વર્ગમાં રહેતા. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હોવા છતાં પ્રત્યેક વિદ્યાર્થીનું ખાસ ધ્યાન રાખવામાં આવતું હતું અને તેમને મુંઝવતા પ્રશ્નોના નિકાલ માટે સામેથી પ્રશ્ન કરે એ માટે પ્રોત્સાહિત કરવામાં આવતા હતા. અલગઅલગ વિદ્યાનો અભ્યાસક્રમ અલગઅલગ વર્ષનો રહેતો અને દર ૫ વિદ્યાર્થી લેખે ૧ અધ્યાપક/પંડિત નિમવામાં આવતો.

વલભી વાણિજ્યનું એક મહત્ત્વનું બંદર હોવાથી સમૃદ્ધિથી ભરપુર હતું. અહીંના સ્થાનિક વેપારીઓ અને મૈત્રક રાજા આ વિદ્યાપીઠને તેના સંચાલન માટે તથા પુસ્તકાલય માટે જરૂરી ભંડોળ ઉપલબ્ધ કરાવતા હતા. વલભીના શાસક મૈત્રક રાજવીઓ વિદ્યા અને વિદ્યાપીઠના મહાન આશ્રય દાતાઓ હતા. મૈત્રક વંશના રાજવીઓ બૌદ્ધ ન હતા, સનાતની હતા, છતાં આ સંસ્થાને ખૂબ મદદ કરતા હતા. અશોકના રાજ્યઅમલમાં બૌદ્ધ ધર્મ ખૂબ ફૂલ્યોફાલ્યો હતો અને મૈત્રક સમયમાં પ્રજાનો મોટો ભાગ બૌદ્ધ ધર્મ પાળતો હોઈ બૌદ્ધ પ્રજાને માન આપી વિહારો, ચૈત્યો, મઠો અને વિદ્યાપીઠના નિભાવ માટે તેઓ પ્રચંડ અનુદાન આપતા હતા.

ઈ. સ. ૭૭૫માં આરબો દ્વારા મૈત્રક સામ્રાજ્ય અને વલભી પર આક્રમણ થયું જેમાં મૈત્રકોનો પરાજય થતાં આ વિદ્યાપીઠને ઘેરો ફટકો પડ્યો હતો. તેમ છતાં મૈત્રકો દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થાને સહારે તેની શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલતી રહી અને આશરે ૧૨મી સદી સુધી આ વિદ્યાપીઠ કાર્યરત રહી હતી. જોકે પહેલાં જેવી તેની ખ્યાતિ અને શૈક્ષણિક સમૃદ્ધતા સમયની સાથે આથમતી ગઈ અને છેવટે તે કાળની ગર્તામાં વિલીન થઈ ગઈ.

(Sources : https://gujarativishwakosh.org, www.vibesofindia.com, www.egujaratishala.com, www.agastyagurukulam.org)